## PRESS COVERAGE:

**PUBLICATION NAME: LOKWAT (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 24-07-2018**
**PAGE NO. 03**
**TOTAL SQ. CM. 530**
**TITLE:** ***Mithoi's farmer cultivate worthy crop of dates by support of Nayara Energy Limited***

# નયારા એનર્જી.લિ.ના સહયોગથી મીઠોઈના ખેડૂતે ઉતાર્યો મીઠી ખારેકનો મબલખ પાક





## જૈવિક ખેતીની તાલીમ, રોપાઓનું વિતરણ, સ્થળ પર માર્ગદર્શન, ઉત્પાદિત પાકનું વેંચાણ કરવાના સહકારથી ખેડૂતની આવકમાં વધારો

જામનગર, તા. ૨૪

નયારા એનર્જી લિ.એ હાથ ધરેલા ઔદ્યોગિક સામાજિક જવાબદારીના અભિયાન થકી મીઠોઈ ગામના ખેડૂતે જૈવિક ખેતી અંતગત ખારેકના પાકનું મબલક ઉત્પાદન કરી ખેતીની આવકમાં નોંધપાત્ર વધારો કયો છે. ખેડૂતને તાલીમ, રોપા, માગ દશ ન અને ઉત્પાદિત પાકના વેંચાણમાં પણ કંપનીએ સહયોગી બની ''મીઠોઈની મીઠી ખારેક''ને પંથકમાં વિખ્યાત કરી દીધી છે.

નયારા એનર્જી લિ. દ્વારાં રિફાઈનરી નજીકના ગામોના ખેડૂતોને જૈવિક ખેતી થકી વધુ આવક થાય એ માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, આ અભિયાનની સફળતાના ફળ ખેડૂતોને મળી રહયાં છે. જેનો નોંધપાત્ર દાખલો જોઈએ તો રિફાઈનરીની સામે આવેલા મીઠોઈ ગામમાં રહેતા હીરાભાઈ સીદાભાઈ રોશિયા નામના ખેડૂત આજે ''મીઠોઈની મીઠી ખારેક''ના અગ્રિમ વિક્રતા બની ગયા છે. ખારેકની જૈવિક ખેતીમાંથી હીરાભાઈની આવકમાં વધારો થયો છે.

હીરાભાઈ રોશિયા તેમનો સુખદ અનુભવ વર્ણવતા કહે છે કે ''જૈવિક ખેતી અંગે પ્રોત્સાહન પુરું પાડવામાં નયારા એનજી લિ.નું વિશેષ યોગદાન છે. અગાઉ કંપનીએ જૈવિક ખેતી અંગે યોજેલી તાલીમ શિબિરમાં મને ભાગ લેવડાવ્યો હતો. બાદમાં મારા નાનકડાં ખેતરમાં બારહી જાતની વિખ્યાત ખારેકના ૧૪ રોપાંઓ કંપનીએ વિનામૂલ્યે આપ્યા હતા. જેને ખેતરમાં રોપ્યા પછી નિયમિત રીતે રોપાંઓને પાણી મળી રહે એ માટે ટપક સિંચાઈ પધ્ધતિની સુવિધા ઉભી કરવા માટે સરકારી સહાય મેળવવા ઉપયોગી મદદ કરી હતી. સૂય પ્રકાશ, પાણી, ખાતર વગેરે અંગે કંપનીના નિષ્ણાંતોએ સ્થળ પર આવી માગ દશ ન પુરું પાડયું હતું. જેને પગલે આ વષે ખારેકનું મબલબ ઉત્પાદન કરી શકાયું છે. ખારેકના વેંચાણમાં સારો ભાવ મળી રહે એ માટે નયારા એનજી ટાઉનશીપમાં વ્યવસ્થા પણ ગોઠવી અપાઈ હતી. નયારા એનજી લિ.ના સહયોગથી હું ખારેકની સાથે સાથે જૈવિક ખેતી થકી શાકભાજીનું પણ ઉત્પાદન કરી આવક મેળવી રહયો છું.''

બારહી ખારેકની વાત કરીએ તો એ તમામ પ્રકારની ખારેકમાં બારહી ખારેક સ્વાદમાં ખુબજ મીઠી–મધુરી હોય છે તેમજ તેમાં ફાઈબર, આયરન, પોટેશ્યમ, વિટામીન–બી જેવા પૌષ્ટિક તત્વો હોય છે. ઉપરાંત બટરસ્કોચ જેવી તેની ફ્લેવર સૌને ભાવે છે આથી તેના વેંચાણમાં પણ સરળતા રહે છે.

ખારાશવાળી જમીન ધરાવતા ખેડૂતો માટે આવકનો સ્ત્રોત મયા દિત હોય છે ત્યારે નયારા એનજી લિ.એ આવા ખેડૂતોની આવકમાં વધારો થાય એ માટે શ્રેણીબધ્ધ પગલાંઓ ભયા છે, જેમાં ટપક સિંચાઈ પધ્ધતિ, જૈવિક ખેતીની તાલીમ, સ્થળ પર માગ દશ ન વગેરનો સમાવેશ થાય છે, આ માટે ''બાયફ'' સંસ્થાને સાથે રાખી પગલાંઓ ભરવામાં આવી રહયાં છે. મીઠોઈની મીઠી ખારેક વિખ્યાત બન્યા બાદ આજે અન્ય ગામના ખેડૂતો હીરાભાઈના ખેતરની મૂલાકાત લઈ રહયાં છે.